જૂનના પ્રથમ સપ્તાહમાં ચોમાસાનો પ્રારંભ

રાજ્યમાં વાવણીલાયક વરસાદ સિઝનમાં બે વખત જુલાઈના મધ્યમાં વર્ષાઋતુ જામી જવાની સંભાવના

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાતમાં આગામી ૧૫ થી ૨૧મી જૂન સુધીમાં ચોમાસુ સક્રિય થવાના એંધાણ છે. આ વર્ષે સામાન્ય વરસાદ હોવાની આગાહી હવામાન વિભાગે કરી છે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ચોમાસુ એક સાથે શરૂ થવાની સંભાવના છે.

આંદામાન-નિકોબારમાં ચોમાસુ શરૂ થયું છે તેથી એવી ગણતરી છે કે કેરળમાં ચોમાસુ ૧લી જૂન આસપાસ બેસી જશે, ત્યારબાદ મુંબઈમાં વરસાદ થશે અને પખવાડિયામાં ગુજરાતમાં મેઘસવારીનો પ્રારંભ થશે.

હવામાન ખાતાના ડાયરેક્ટર કમલજીત રે ના જણાવ્યા પ્રમાણે ભારતમાં વરસાદી ઋતુની શરૂઆત થઇ ચૂકી છે. ૧લી થી ૫મી જૂને કેરળમાં વરસાદ થવાના અણસાર છે. ગુજરાતના તટીય વિસ્તારમાં મુંબઈની સાથે ચોમાસુ બેસી જવાની સંભાવના છે. સિઝનમાં કુલ સરેરાશ વરસાદના ૯૫ ટકા વરસાદ લગભગ તમામ વિસ્તારોમાં થવાની શક્યતા છે. ગુજરાતમાં સામાન્યરીતે તોફાની વરસાદ પણ થતો હોય છે.

કૃષિ નિષ્ણાંતો કહે છે કે આ વખતે સિઝનમાં બે વખત વાવણી લાયક વરસાદના એંધાણ છે. ચોમાસામાં આદ્રા નક્ષત્રનું વાહન શિયાળ હોવાથી પવનનું જોર રહેશે. ૨૨મી જૂન અને ૫મી જુલાઈ આસપાસ વાવણી લાયક વરસાદ થશે તેવું અનુમાન છે.

આ વર્ષ ખેડૂતો માટે સારૂ અને વેપારીઓ માટે મધ્યમ રહેશે. જૂનના અંત ભાગથી જુલાઇના મધ્ય સુધીમાં ચોમાસુ જામી જવાના અણસાર છે. જુલાઈમાં સર્વત્ર વરસાદ થશે જેથી મગફળીનું વાવેતર કરી શકાશે. જો કે પહેલા વરસાદ પછી ચોમાસુ ખેંચાઇ શકે છે.

જેમ ઉનાળાની અને ગરમીની પૂર્ણાહુતિ નથી થઈ તેમ ઉનાળુ શિબિરોની પણ પૂર્ણાહુતિ નથી થઈ. પ્રસ્તુત તસવીર લલિતકલા એકેડેમી ખાતે ચાલી રહેલા સમર વર્કશૉપની છે, જે પણ ઉનાળાની જેમ હવે ચરમસીમાએ પહોંચી ગયો છે. (તસવીર : દિપક જાની)

કેશુભાઈ પટેલ રાજકોટના પ્રવાસે પાર્ટીના નારાજ નેતાઓને મળ્યા

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ ગાંધીનગર છોડીને રાજકોટના પ્રવાસે ગયા છે, ત્યાંથી તેઓ આજે સાંજે સોમનાથ પહોંચ્યાં છે. રાજકોટમાં તેમને સંઘના ટોચના નેતાઓ અને ભાજપના અસંતુષ્ટ સભ્યો મળ્યાં છે.

ભાજપના પૂર્વ ધારાસભ્ય ટપુભાઈ લિંબાસીયા સહિત અનેક નેતાઓ તેમને મળવા માટે રાજકોટમાં લાઈનમાં જોવા મળ્યાં હતા. ભાજપની નેશનલ એક્ઝિક્યુટીવની બેઠકમાંથી સંજય જોષીના રાજીનામા બાદ કેશુભાઈએ તેમના સંપર્કો વધારે તેજ બનાવી દીધાં છે. કહેવાય છે કે મુંબઈ થી દિલ્હી જતા સંજય જોષીનું ગુજરાતના રેલ્વેસ્ટેશનોએ સ્વાગત કરવામાં આવશે.

ગાંધીનગરથી સુરેન્દ્રનગર થઈને તેઓ કેશુભાઈ રાજકોટ ગયા હતા. તેમણે સુરેન્દ્રનગરમાં પણ ભાજપના કેટલાક આગેવાનો સાથે મંત્રણા કરી હતી. સંઘના નેતાઓ પણ બાપાને મળ્યા હોવાનું ચર્ચાઈ રહ્યું છે. તેઓ રાજકોટથી સોમનાથ ઉપડી ગયા છે.

કેશુભાઈ પટેલે છેલ્લા એક મહિનામાં કરેલી પક્ષ વિરોધી પ્રવૃત્તિની નોંધ ભાજપના હાઈકમાન્ડે લીધી છે પરંતુ પાર્ટીના રાષ્ટ્રીય નેતાઓ ચૂપ છે. એવું મનાય છે કે ગુજરાત ભાજપના નેતાઓએ મુંબઈની બેઠકમાં પાર્ટીના પ્રેસિડેન્ટને કેશુભાઈની પ્રવૃત્તિથી માહિતગાર કર્યા છે. જો કે સૂત્રો જણાવે છે કે ખુદ કેશુભાઈ પાર્ટી હાઈકમાન્ડને જાણ કરવા દિલ્હી જઈ શકે છે.

આજે સંસ્કારધામ ખાતે મિશન-૨૦૧૨ અંગે વર્કશોપ

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાત વિધાનસભાની ચૂંટણી આવી રહી છે ત્યારે ગુજરાત ભાજપના અલગ અલગ સેલનો વર્કશોપ સંસ્કારધામ અમદાવાદમાં યોજવામાં આવી રહ્યો છે. ૨૭મી મે ના રોજ પાર્ટીમિશન-૨૦૧૨ રિલીઝ કરશે. આ વર્કશોપ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ખુલ્લો મૂકશે.

ભાજપના નેશનલ જોઈન્ટ સેક્રેટરી વી. શતીષ પાર્ટીના કાર્યકર્તાઓને માર્ગદર્શન આપશે. આ વર્કશોપમાં ભાજપના પ્રદેશ પ્રમુખ આર.સી.ફળદુ અને ઉપપ્રમુખ પુરુષોત્તમ રૂપાલા ઉપસ્થિત રહેનાર છે.

પાર્ટીના પ્રવક્ત આઈ.કે.જાડેજાએ કહ્યું હતું કે ભાજપના વિવિધ સેલના આશરે ૫૦૦ જેટલા સિલેકટેડ કાર્યકર્તાઓને આ વર્કશોપમાં ઉપસ્થિત રહેવા જણાવવામાં આવ્યું છે. વર્કશોપમાં કોંગ્રેસના જૂઠાંણા અને સરકારના વિકાસ ઉપર ફોકસ કરવામાં આવ્યું છે. આ વર્કશોપ એક દિવસનો રાખવામાં આવ્યો છે.

વિધાનસભાની ચૂંટણી પહેલાં પ્રદેશ ભાજપ પાર્ટીના ૫૦૦ ટોચના કાર્યકરોને તૈયાર કરશે

માહિતી ખાતાના વર્ગ-૩ કર્મચારી મંડળના હોદ્દેદારોની વરણી

સતત છઠ્ઠા વર્ષે પ્રમુખ તરીકે દિનેશ ચૌહાણ અને મહામંત્રી તરીકે હસમુખ પટેલની સર્વાનુમતે વરણી

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાત રાજ્ય માહિતી ખાતા કર્મચારી મંડળની તા. ૨૫-૫-૨૦૧૨ના રોજ મળેલી સામાન્ય સભામાં સતત છઠ્ઠા વર્ષે ક્રિયાશીલ શ્રી દિનેશ ચૌહાણની પ્રમુખ તરીકે અને હસમુખ પટેલની મહામંત્રી તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. ગાંધીનગર ખાતે મળેલી સામાન્ય સભામાં વર્ષ ૨૦૧૨-૨૦૧૩ના વર્ષ માટે સર્વાનુમતે હોદ્દેદારો તથા કારોબારીની રચના કરવામાં આવી છે.

જેમાં પ્રમુખ તરીકે શ્રી દિનેશ ચૌહાણ તથા મહામંત્રી તરીકે શ્રી હસમુખ પટેલ ઉપરાંત ઉપપ્રમુખ તરીકે સર્વ શ્રી પ્રવિણ પટેલ, શ્રી દિલીપ ગજ્જર, શ્રી પી. એચ. ચૌધરી, શ્રી એચ. વી. ગોહિલ, શ્રી જે. ડી. વાઘેલા અને સહમંત્રી શ્રી કે.જી. વાઘેલા તથા ખજાનચી તરીકે શ્રી પ્રવિણ બારોટની નિમણૂંક કરવામાં આવી છે. સંગઠન મંત્રી

● અનુસંધાન પાન-૫ પર

માણસા જી.આઈ.ડી.સી.માં મોડી રાત્રે ભીષણ આગ : ભારે નુકશાન

કપાસીયા ખોળનો જથ્થો અને તેલ સહિત મશીનરી બળીને ખાખ આગને કાબૂમાં લેવા સવાર પડી : શોર્ટ-સર્કીટના કારણે ઈન્ડસ્ટ્રીઝમાં ભભૂકેલી આગને શાંત પાડવા ૬૦ થી વધુ ટેન્કર પાણીનો છંટકાવ કરાયો

ગાંધીનગર, તા. ૨૬

માણસા જી.આઈ.ડી.સી.માં સ્થિત કપાસીયાનું ઓઈલ બનાવતી હરિકૃષ્ણ ઈન્ડસ્ટ્રીઝમાં ગત મોડી રાત્રે અચાનક આગ ભભૂકતા તેલ, કપાસીયા અને ખોળ સહિતનો માલ બળીને રાખ થઈ જતા અઢીથી ત્રણ કરોડનું નુકશાન થયું હોવાનો અંદાજ છે. શોર્ટ સર્કીટના લીધે ભભૂકેલી આગને બળતણ મળતા આગે વિકરાળ સ્વરૂપ પકડી લીધું હતું. સતત સાત કલાક સુધી ભભૂકતી આગને કાબૂમાં લેવા લાખો લીટર પાણીનો મારો ચલાવવો પડયો હતો. પ્રાપ્ય માહિતી અનુસાર માણસા જી.આઈ.ડી.સી.માં સ્થિત હરિકૃષ્ણ ઈન્ડસ્ટ્રીઝમાં ગત રાત્રિના ૧ વાગ્યાના અરસામાં આગ લાગી હતી. ઈન્ડસ્ટ્રીઝના તેલ બનાવવાના વિભાગમાં શોર્ટ સર્કીટના કારણે અચાનક આગ લાગતા પળવારમાં જ આગ વધુ ફેલાઈ હતી. જયારે આગના સ્થળેથી પસાર થતી તેલની પાઈપલાઈન પણ ઓગળી જતા ફેલાયેલા તેલના જથ્થાના લીધે આગની જવાળાઓ વધુ વિકરાળ બની હતી. આ દરમિયાન ઓઈલ વેસલ ફાટતા આગ વધુ બેકાબુ બની હતી. આગની લપેટમાં આવેલા કપાસીયા ખોળ તેમજ હજારો લીટર તેલ પણ બળીને રાખ થઈ ગયું હતું. મોડી રાત્રે એકાએક લાગેલી આગને શાંત પાડવા ફેકટરીના કર્મચારીઓ પણ કામે લાગી ગયા હતા. બીજી તરફ આ મામલે ફાયરતંત્રને જાણ કરાતા માણસા, ગાંધીનગર, કલોલ ફાયરબ્રિગેડ સહિત વિજાપુરથી ફાયરફાઈટર સાથે આવેલી ટીમે સતત પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લેવાની મથામણ શરૂ કરી દીધી હતી. જયારે જીઆઈડીસી વિસ્તારમાં નજીકમાં પાણીની ઉપલબ્ધતા ન હોવાથી ફાયર ટીમે આગને શાંત પાડવામાં વધુ સમય

● અનુસંધાન પાન-૫ પર

સે-૨-ડીમાં આઈ.પી.એસ. અધિકારીના બંગલામાં ઘુસવા તસ્કરોનો પ્રયાસ

નકુચો તોડી ચોરી કરવાનો પ્રયાસ થતા પોલીસને ફરિયાદ

ગાંધીનગર, તા. ૨૬

સે-૨-ડીમાં રહેતા આઈ.પી.એસ. અધિકારીના ઘરના દરવાજાનો નકુચો તોડી તસ્કરોએ હાથફેરો કરવાની કોશિષ કરી હોવાની ફરિયાદ સ્થાનિક પોલીસ મથકે નોંધાઈ છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ગત ગુરૂવારે રાત્રે સે-૨-ડી ખાતે પ્લોટ નં. ૧૧૪૫/૧ માં રહેતા આઈ.પી.એસ. અધિકારી રાહુલ શર્માના ઘરના દરવાજાનો નુકચો તોડી તસ્કરોએ ચોરીનો પ્રયાસ કર્યો હતો. મકાનમાં રહેતા પરિવારજનો ઉપરના મજલે સૂઈ ગયા હતા તે વેળાએ તસ્કરોએ તકનો લાભ ઉઠાવી મકાનની નીચેના દરવાજાનો નકુચો તોડી ચોરીનો પ્રયાસ કર્યો હતો. આ મામલે રાહુલ નંદેશ્વર શર્માએ સે-૭ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. સે-૭ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. એ.કે. ટેલરે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બેંક ઓફ બરોડા
"મોન્સુન બોનાન્ઝા"
૧૪-૫-૨૦૧૨થી.... રીટેઈલ લોન કેમ્પેઈન
હાઉસીંગ લોનના વ્યાજ દરમાં ધરખમ ઘટાડો
૧૫ વર્ષ સુધી માત્ર ૧૦.૭૫%
૧૬ થી ૨૫ વર્ષ માત્ર ૧૧.૦૦%
ડેઈલી રીડ્યુસીંગ
પ્રોસેસીંગ ચાર્જ "શૂન્ય"
મકાનની લોનની રકમ જેટલો પર્સનલ અકસ્માત વિમો અને પ્રોપર્ટીનો વિમો પણ તદ્દન "ફ્રી"
સંપર્ક : શ્રી સંજીવ કુમાર (સેલ્સ ઓફીસર)
૯૯૨૫૨ ૩૬૧૨૨, ૨૩૨-૨૧૧૨૦, ૨૬૦૭૯, ૧૩૨૨૮, ૮૭૯૪૫

નોટીસ
સાંચા કામ સબબે તારીખ ૨૯-૫-૧૨, મંગળવારના રોજ સવારના ૧૦-૦૦ કલાકથી સાંજના ૫-૦૦ કલાક સુધી નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી તકલીફ બદલ ક્ષમા કરશો.
૧. સેક્ટર-૨, મહુડી મંદિર, S/S
સહી/-
ટોરેન્ટ પાવર લિમીટેડ

ફર્નિચર ભાડે મળશે
ફ્રીજ, ટી.વી., સોફાસેટ, ડાઈનીંગ ટેબલ, તિજોરી, કોમ્પ્યુટર ટેબલ, એ.સી., વગેરે ઘર વપરાશનું તેમજ ઓફીસનું ફર્નિચર ભાડે મળશે.
મો. : ૯૮૭૯૮ ૩૪૯૯૩
મો. : ૯૮૨૫૦ ૫૧૨૫૬

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
જાહેરાત માટેનું
અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

ગાંધીનગરમાં સૌ પ્રથમવાર
કોલેજ-સ્કુલ બેગ
નવી સ્કૂલ બેગની ખરીદી ઉપર
30% ની ભવ્ય છૂટ
એક્ષચેન્જ ઓફર
સ્કૂલ બેગની વેચાણ શો-રૂમ
આપની જુની સ્કૂલ બેગનો સદ્ઉપયોગ
વિમલ ટ્રેડિંગ કંપની

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BIRLA TYRES

SANGHI CEMENT
KISAN
venkatesh 500 TMT BARS - ISI
SANGHI STEEL - ISI
BENELAVE
H.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ashirvad C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com